# ઝાલાવાડ જૈન દર્શન


(ZALAWAD JAIN DARSHAN) - PRGI NO. MAHBIL/2021/80571

Vol. No. 24 ❖ Issue : 08 ❖ Pages : 28 ❖ February - 2026 ❖ Monthly Magazine ❖ Rate : Rs.3/-



શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ સંચાલિત તથા

સમાજરત્ન શ્રી ચીનુભાઇ છગનલાલ શાહ પરિવાર પ્રેરિત





શ્રીમતી
શ્રી લેખાબેન અનંતરાય શાહ



શ્રીમાન
શ્રી અનંતરાય શાંતીલાલ શાહ

આપણા આ ઝિંદાદિલ ઝાલાવાડી શ્રી અનંતરાયભાઈ એ જ્યારે આપણા સમાજની પત્રિકાના માધ્યમથી જાણ્યું કે શાશ્વતા તીર્થ સિધ્ધાચલ ગિરિરાજની પવિત્ર પાવનકારી ભૂમિ પર યાત્રીક ભવનમાં ચૈત્ર માસની શાસ્વતી નવપદજી આયાંબિલ ની હોળી મા લાભ લેવા માટે વિનંતી કરવામાં આવેલ તુરંત જ તેમને મોબાઇલ સંપર્ક થી જાણ કરી અમારા પરિવારને લાભ લેવો છે ત્યારે માત્ર એક ક્ષણમાં પોતાની સંમતિ આપી દીધી એમના મનમાં એક જ વિચાર ''મારે તો પ્રબળ પુણ્યોદય પ્રાપ્ત થયેલ લક્ષ્મીનો સમાજ માટે ધાર્મિક કાર્યો માટે શાસનના સુકૃત ના કાર્યો માટે લાભ લઇ પુણ્યનું ઉપાર્જન કરી લેવું છે આ બાબતમાં સમાજ રત્ન શ્રી ચિનુભાઈ શાહ રૂબરૂ જઈ વિગતથી જાણકારી આપી પ્રેરણા આપી હતી. તેમના પરિવારે છેલ્લા થોડા વર્ષોમાં માતબર રકમનું આર્થિક યોગદાન આપી લાભો લીધા છે. શ્રી સંઘમાં કેળવણી સહાયના મુખ્ય પ્રેરક દાતામાં લાભ લીધેલ, ઝાલાવાડ ફાઉન્ડેશનના સૌજન્ય દાતા પાલીતાણામાં કાર્યરત ભગીની મિત્ર મંડળના દીકરી નું ઘર સંસ્થામાં રૂપિયા ૧,૧૧,૧૧, ૧ ૧ ૧/- જેવી માતબર રકમ આપી સાર્વજનિક સંસ્થાના ઉત્થાનના વિકાસમાં મહત્વનું યોગદાન આપી સંસ્થાઓ આર્થિક સધ્ધર અને પગભર કરેલ છે પરિવારનું ટ્રસ્ટ શ્રીલેખા અનંતરાય ચેરીટેબલ ટ્રસ્ટ માંથી જરૂરિયાતમંદ પરિવારોને સાધર્મિક ભક્તિ, કેળવણી સહાય, તબીબી સહાય વગેરેમાં સહાયભૂત થાય છે. પાલીતાણા શાશ્વત તીર્થમાં ચૈત્ર માસની ઓળી કરાવવાનો લાભ લઇ પુણ્યનું ભાથુ બાંધેલ છે. આવા આપણા ઝાલાવાડી મૂલ્યવાન રત્ન સમાન પરિવારને વિતરાગ પરમાત્મા સદાયે સુખ-સમૃદ્ધિ શાંતિથી ભરપૂર નિરામયી જીવન આપે, તેઓ અનેક વિષેશ સમાજ સેવાના કાર્યો કરવાની શક્તિ આપે સાથે તંદુરસ્તી ભર્યું જીવન આપે એ જ પ્રાર્થના.


SYMBOL OF TRUST


દિનેશભાઈ ટી. શાહ
મો.: ૯૩૨૪૯૭૮૭૪૭
વઢવાણવાળા

યુનીક જવેલર્સ ™


શુધ્ધ ચાંદીના થાળી, વાટકા, ગ્લાસ, સીક્કા, લગડી તથા પ્રેઝન્ટેશન આર્ટીકલ્સ અને ફેન્સી જવેલરીના વેપારી

બોરીવલી શો રૂમ : આવીશ્કાર ટાવર, શોપ નં. ૩૦-૩૧,
ચંદાવરકર સર્કલ, વૃંદા હોટલ સામે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨.
ફોન : ૨૮૯૧ ૧૯૯૮ (ઘર) ૯૮૧૯૨૮૮૪૨૭

## જન્મદિવસની શુભેચ્છા




**સમાજરત્ન શ્રી ચીનુભાઇ હિંમતલાલ શાહ (વાલકેશ્વર-મુંબઈ)**
મો. : ૯૮૨૦૦૪૪૩૩૬
તા. ૧૩ માર્ચ



**સામજ ગૌરવ શ્રી અરવિંદભાઇ કાંતીલાલ શાહ (બોરીવલી-વે)**
મો. : ૭૦૨૧૬૧૨૭૨૯
તા. ૧૯ માર્ચ



**શ્રી વિપુલભાઈ પ્રાણલાલ બગડીયા**
મો. : ૯૮૨૦૦૬૧૬૨૮
તા. ૬ માર્ચ



**શ્રી દીપકભાઈ ગુલાબચંદ ગાંધી**
મો. : ૯૮૨૦૧૫૦૫૨૦
(વિલેપાર્લા-વે.)
તા. ૨૭ ફેબ્રુઆરી
લગ્નદિવસ : તા. ૧૬ ફેબ્રુઆરી


## લગ્નદિવસની શુભેચ્છા



શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ
મો. : ૯૮૬૯૦૪૦૧૫૦ - તા. ૨ માર્ચ



શ્રી ગીરીશભાઈ કાંતીલાલ શાહ
મો. : ૯૮૨૦૩૨૬૧૩૪
તા. ૧૩ માર્ચ



શ્રી જીગ્નેશભાઈ વસંતલાલ શાહ
મો. : ૮૦૮૦૩૫૪૭૭૭
તા. ૨૦ માર્ચ



શ્રી મહેન્દ્રભાઈ વી. શાહ (ગોરેગાવ)
મો. : ૯૮૨૧૪૧૩૩૭૭
તા. ૬ ફેબ્રુઆરી

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઈ**
**-: ચેરમેન એપેક્ષ :-**
સમાજરત્ન શ્રી દિલીપભાઇ ખીમચંદ શાહ
**-: પ્રમુખ :-**
શ્રી મહેન્દ્રભાઇ ચીમનલાલ શાહ
**-: ઉપપ્રમુખ :-**
શ્રી મુકેશભાઇ ઉત્તમચંદ શાહ
શ્રી કિરણભાઇ કાંતીલાલ શાહ
**-: મંત્રી :-**
શ્રી ગીરીશભાઇ કાંતીલાલ શાહ
શ્રી નિલેશભાઇ અનોપચંદભાઇ શાહ
શ્રી મિતેશભાઇ સુભાષભાઇ શાહ
**-: સહમંત્રી :-**
શ્રી રૂપેશભાઇ ચંદ્રકાંતભાઇ શાહ
**-: ખજાનચી :-**
શ્રી કેતનભાઇ કનૈયાલાલ શાહ
**-: સહ ખજાનચી :-**
શ્રી કમલેશભાઇ જયંતભાઇ શાહ
**-: પી.આર.ઓ. ટુ હોદ્દેદાર - કારો.કમીટી :-**
શ્રી શૈલેષભાઇ વીરચંદ શાહ
**-: ટ્રસ્ટીશ્રીઓ :-**
સમાજગૌરવ શ્રી અરવિંદભાઇ કાંતીલાલ શાહ
શ્રી સંજયભાઇ ભાઇલાલ શાહ
શ્રી કુમારભાઇ નગીનદાસ શાહ
શ્રી જયેન્દ્રભાઇ હરીલાલ શાહ
શ્રી બિપીનભાઇ રતીલાલ વોરા
શ્રી પ્રકાશભાઇ રસીકલાલ શાહ
શ્રી મહેન્દ્રભાઇ વૃજલાલ શાહ
**-: પી.આર.ઓ. ટુ ટ્રસ્ટી :-**
શ્રી દિપકભાઇ ગુલાબચંદ ગાંધી
તંત્રી : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ
પરામર્શક : શ્રી ઉપેન્દ્ર રસિકલાલ શાહ

**રજી. ઓફીસ**
શ્રી નમીનાથજી જૈન ઉપાશ્રય પાયધુની,
મુંબઈ - ૪૦૦ ૦૦૩

વલ્લભદાસ કાનજી બિલ્ડગ, બીજે માળે,
૧૭૫, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

**વહીવટી ઓફીસ :** ન્યુ ઈંડિયા હાઈટ્સ,
૮મે માળે, જીવનધામ સોસાયટી પાસે,
ઓલ્ડ પોલીસ લેન, અંધેરી (ઈસ્ટ),
મુંબઈ - ૪૦૦૦૬૯
**કામકાજનો સમય : ૧૧.૦૦ થી ૬.૦૦**
**મો. : ૯૧૩૭૩૪૨૮૧૮**
ડીજીટલ ઝાલાવાડ : ૯૦૭૬૩૪૨૮૧૮
ઝાલા.જૈન સગપણ સેતુ : ૯૮૧૯૩૪૨૮૧૮

પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચાર લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહ . લેખ મોકલનારે છપાવા બાબત પૃચ્છા કરવી નહ તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.

છૂટક મુલ્ય રૂા.૩/-
**Email :**
**zalawadjainsangh@gmail.com**
**Website :**
**www.zalawadjainsangh.org**

**-: મુદ્રક :-**
ભાવિન શરદભાઈ ગાંધી
રાજેશ પ્રિન્ટરી, મુંબઈ - ૪૦૦ ૦૧૧
મો : ૯૮૬૭૫૪૦૫૨૪

## તંત્રી સ્થાનેથી....

**સમાજના પરિવારોને જોડતી સાંકળ એટલે ઝાલાવાડ જૈન દર્શન** સંગઠીત અને એકતાનું સુંદર ઉદાહરણ એટલે ઝાલાવાડ જૈન સંગ, ૧૯૭૬ એપ્રીલ માસથી સતત પચાસ વર્ષથી પ્રકાશીત કરતાં શ્રી સંઘ સંચાલકો ખુશી સાથે આનંદ અનુભવે તે સ્વભાવીક છે. પરંતુ સમાજના પરિવારને એક તાંતણે બાંધી રાખવા દર મહિને એવી માહિતી સભર જાણકરી, અહેવાલ, સમાચાર આપી વાંચન પ્રેરીત કરવા. પત્રિકાના તંત્રીશ્રીઓ, સહતંત્રીશ્રીઓ, સંપાદકશ્રી, મંત્રીશ્રીઓના અથાગ પ્રયત્નો અને મહેનતથી પત્રિકાનો પાયો મજબુત થયેલ છે.

આજના ભૌતિકવાદના કોમપ્યુટર અને જેટ યુગમાં આજની કાળઝાળ કારમી મોઘવારીમાં રહેઠાણ-રોટી-તંદુરસ્તી તથા તબીબી અને કેળવણીની સમસ્યાના ઉકેલ માટે આ પત્રિકા દ્વારા વધુમાં વધું પુરૂષાર્થ રહ્યો છે.

આ વિષે વિસ્તૃત માહીતી સભર ઝાલાવાડ જૈન દર્શનનો સુવર્ણજયંતી અંક, આગમી એપ્રિલ / મે માં બહાર પાડવામાં આવશે. જેમાં સમાજના અગ્રણ્ય વ્યાપારી પેઢીઓ, કંપની, ઊધ્યોગપતીઓ વગેરેની શુભેચ્છા જાહેરાત લેવામાં આવશે. આ અંકને યાદગાર બનાવવા માટે અત્યારથી શરૂઆત થઇ ચૂકી છે. આપ સર્વેના સાથ સહકારની અપેક્ષા. **વોટસઅપ અચૂક જોતા રહેશો.**

### શું વાંચશો..? આ અંકમાં...

卐 આયંબિલ ઓળીના લાભાર્થી પરિવાર પરિચય
卐 શ્રી સંઘ સમુહ લગ્ન ની જાણકારી
卐 જન્મ દિવસ અને લગ્ન દિવસની શુભેચ્છા.
卐 શ્રી સંઘ આયોજીત આયંબિલ ઓળી ફોર્મ
卐 સ.ગૌ.શ્રી ચંદુભાઇ એમ. શાહની પૂણ્યતીથી શ્રધ્ધાંજલી
卐 શુભ વેવિશાળ 卐 વ્હાલાની વસમી વિદાય
卐 પરામંડળો અને મહીલા મંડળો અહેવાલ સમાચાર
卐 સગપણ બાયોડેટા 卐 શ્રધ્ધાંજલી
卐 તંત્રી લેખ 卐 ડીજીટલ ઝાલાવાડ વિષે માહિતી
卐 દલાશા પરિવાર ફોટા અહેવાલ
卐 અંધેરી મંડળ ફોટા અહેવાલ

## ❊ ડીજીટલ ઝાલાવાડ ❊

### શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ-મુંબઈ ડીજીટલ યુગમાં પ્રવેશ : દરેક સુવિધા ઘેર બેઠા

સમય ડીજીટલ યુગનો છે આવનાર સમયમાં આપણા સમાજનો વિકાસ વેગવંતો બનાવવા આપણા સમાજને પણ ડીજીટલ યુગ સાથે કદમ મિલાવવા પડશે. આવનાર સમયની જરૂરિયાતોને જાણીને - સમજીને આપણા સમાજે પણ ડીજીટલમાં પ્રવેશ કરેલ છે. ઝાલાવાડ ડીજીટલ કમીટી દ્વારા ફક્ત ૧ મોબાઈલ વોટ્સએપ નંબર નક્કી કરવામાં આવેલ છે. આપણા સમાજનો ડીજીટલ વોટ્સએપ ચેટ બોટ નંબર ૯૦૭૬૩૪૨૮૧૮ (Digital WhatsApp Chat bot No. ૯૦૭૬૩૪૨૮૧૮) આપવામાં આવેલ છે.

આપણા સમાજની સંસ્થા શ્રી ઝાલાવાડ સંઘ / શ્રી ઝાલાવાડ ફાઉન્ડેશન / ઝાલાવાડ બીઝનેશ ફોરમ / ઝાલાવાડ ફાઉન્ડેશન / ઝાલાવાડ બીઝનેશ ફોરમ / ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટમાં ચાલતી તમામ પ્રવૃત્તિઓ – માહિતીઓ સાથે યોજનાઓ – આયોજનો તેમજ સમાજમાં આવતા પ્રસંગો - કાર્યક્રમોની વિગતો આ નંબર ઉપરથી મળી શકે છે. આપણા સમાજની દર મહીને પ્રકાશિત થતી ‘ઝાલાવાડ જૈન દર્શન’ પત્રિકાની પી.ડી.એફ. ફાઈલ પણ ઉપરોક્ત મોબાઈલ નંબર ઉપરથી મળી શકશે.

આપણા શ્રી સંઘની વેબસાઈટ : www.zalawadjainsangh.org ઉપર દરેક મહિનાની ‘‘ઝાલાવાડ જૈન દર્શન’’ પત્રિકાની પી.ડી.એફ. | ફાઈલ મૂકવામાં આવે છે.

આપણા શ્રી સંઘ દ્વારા WhatsApp Community Group ચાલુ કરવામાં આવેલ છે. જે સભ્યશ્રીને ખાસ જોડાવવા વિનંતી. જોડાવા માટે નીચે જણાવેલ મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરવો

**મિતેશભાઈ - ૯૮૨૦૮૯૯૨૩૯ ❊ પ્રતીકભાઈ – ૯૯૬૭૯૯૬૬૪૫**


# MULTIPLE INVESTMENTS

**Empowering Financial Freedom**

**Call: +91 8850 640 843**

**www.multipleinvestments.in | multiplefinancial21@gmail.com**

**Contact us for the following:**

- Mutual Funds (SIPs)
- Fixed Deposits
- Mediclaim
- Life Insurance & Term Plan
- Tax Planning

Give Life To Your
**Money**
By Making it
**Grow**

**Please feel free to reach out to us at**

**Deepali Ajmera**
+ 91 8850 640 843 (BE, MBA)

**Siddharth Ajmera**
+ 91 9820 812 302 (Chartered Accountant)

Address: 2301-2302, Infinity Elements, Liberty Garden, Malad (West), Mumbai- 400064

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ મંડળ - અંધેરી

**૪૮ કલ્યાણક યાત્રા પ્રવાસ** અહેવાલ

૪૮ કલ્યાણક યાત્રા પ્રવાસ યોજવામાં આવ્યો હતો. યાત્રા પ્રવાસમાં અલ્હાબાદ, કોસાંબી, પ્રયાગરાજ, બનારસ, અયોધ્યા, શ્રાવસ્તી વગેરે તીર્થો લેવામાં આવ્યા હતા. ૧૨૩ યાત્રાળુઓએ આ યાત્રાનો લાભ લીધો હતો. યાત્રા પ્રવાસની શરૂઆત પહેલા દરેક યાત્રાળુઓને મંડળ દ્વારા એક ટુરિસ્ટ બેગ, ૨૦-૨૨ રોજીંદી વપરાશની વસ્તુઓ સાથેનું સુંદર પાઉચ, ડ્રાયફ્રુટ-પીપર-ચોકલેટ ની થેલીઓ અને કલ્યાણક માહિતી - દૂહા ની ચોપડી ભેટ આપવામાં આવેલ. જેમાં ૨૦-૨૨ રોજીંદી વપરાશની વસ્તુઓ સાથેનું સુંદર પાઉચ અને ૧૦ પૂજાપોના સેટ નો લાભ યાત્રા પ્રવાસ કમિટી ના સભ્યો દ્વારા લેવામાં આવ્યો હતો.

**તા. ૧૯/૧૨/૨૦૨૫** - શુક્રવાર ના સવારે ૦૯:૩૦ વાગે યાત્રાળુઓ મુંબઈ - છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસે ઉત્સાહભેર ભેગા થયા હતા અને બરાબર સવારે ૧૧:૦૦ વાગે પટના સુપરફાસ્ટ ટ્રેન દ્વારા પ્રયાગરાજ તરફ પ્રયાણ સાથે ૪૮ કલ્યાણક યાત્રા પ્રવાસની ખુબજ હર્ષોલ્લાસ સાથે શુભ શરૂઆત થઈ હતી. આખો દિવસ ટ્રેનની મુસાફરી હોવાથી ટુર ઓપરેટર યોર ચોઈસ ના રાજુભાઈ પટ્ટણી દ્વારા બપોરનું જમણ, ચા- કૉફી અને સાંજ ના ચૌવિહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. ટ્રેનમાં મહેંદીનો પ્રોગ્રામ રાખવામાં આવેલ જેમાં બાળકો, મહિલાઓ અને પુરુષોએ ઉમંગથી મહેંદી મુકાવી હતી. યાત્રા પ્રવાસના કાર્યકર્તાઓ દ્વારા શુભ-ખાતે, સંઘપૂજન તથા તપશ્ચર્યા અનુમોદના માટે ફાળો કરવામાં આવ્યો હતો. યાત્રાળુઓ એક બીજાને આનંદવિભોર થઈ મળ્યા હતા અને ગપ્પા-ગોષ્ટી કરતા કરતા દિવસ વિતાવ્યો હતો.

**તા. ૨૦/૧૨/૨૦૨૫** - શનિવાર ના સવારે ૦૭:૪૫ વાગે ટ્રેનના પ્રયાગરાજ સ્ટેશને આગમન થતાં યાત્રાળુઓ પોત પોતાનો સામાન લઈ સ્ટેશને ઉતર્યા હતા. યાત્રા પ્રવાસના કાર્યકર્તાઓ દ્વારા ઉતર્યા હતા. યાત્રા પ્રવાસના કાર્યકર્તાઓ દ્વારા અગાઉથી સામાન બસ સુધી લઈ જવાની સુવિધા કરવામાં આવી હતી. ત્યારબાદ સૌ યાત્રિકોએ સ્ટેશન નજીક નવકારશી ની વ્યવસ્થા રાખવામાં આવેલ ત્યાં જઈ ગરમાગરમ રાબ અને નાસ્તા સાથે નવકારશી કરી હતી. નવકારશી કર્યાબાદ યાત્રાળુઓ અગાઉ ફાળવેલ પોત પોતાની બસ અને સીટ પર ગોઠવાઈ ગયા હતા અને કોસાંબી તરફ પ્રયાણ કર્યું હતું. કોસાંબી આગમન થતા યાત્રાળુઓ પોતાનો સામાન લઈ અગાઉ ફાળવેલ રૂમમાં મૂક્યો હતો અને પ્રથમ બપોરનું સ્વાદિષ્ટ જમણ કર્યું હતું. ત્યારબાદ યાત્રાળુઓએ શ્રી પદ્મપ્રભુસ્વામી ના ૪ કલ્યાણકની સેવા-પૂજા તથા દર્શનનો લાભ લીધો હતો. યાત્રાળુઓએ આજુબાજુ દેરાસરે જઈ સેવા-પૂજા તથા દર્શન કર્યા હતા. સાંજે ચૌવિહાર પછી શ્રી પદ્મપ્રભુસ્વામીની ભક્તિ કરી સૌ પોતાની રૂમે જઈ શિયાળાની રાત્રીની નીંદર કરી હતી.

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ મુંબઈ — વિશાળ વડલાની શાખાઓ

**તા. ૨૧/૧૨/૨૦૨૫** - રવિવાર ના સવારે સેવા-પૂજા-નવકારશી કર્યાબાદ સામાન બસમાં મૂકી અલ્હાબાદ તરફ પ્રયાણ કર્યું હતું. અલ્હાબાદ આદિનાથ ભગવાનની કેવળજ્ઞાન કલ્યાણક ભૂમિના દર્શન - ચૈત્યવંદન કરી દિગમ્બર મંદિર (તાપસતલી તીર્થ ) પહોંચ્યા હતા. ભગવાન ઋષભદેવ ના દર્શન - વંદન કરી બપોરનું જમણ કર્યું હતું. જમણ કર્યાબાદ સૌ યાત્રાળુઓ ત્રિવેણી સંગમની મુલાકાત લીધી હતી અને અક્ષયવટ કે જ્યાં ઋષભદેવ ભગવાનને કેવળજ્ઞાન થયું હતું તેના ભાવથી દર્શન કર્યા હતા. સાંજે પાછા દિગમ્બર મંદિર તાપસતલી તીર્થ આવી સાંજનું જમણ કરી સૌએ બનારસ તરફ પ્રયાણ કર્યું હતું. રાત્રે બનારસ પહોંચી રૂમોની ફાળવણી કરી રાત્રી મુકામ કર્યો હતો.

**તા. ૨૨/૧૨/૨૦૨૫** - સોમવારના સવારે વહેલા ઉઠી યાત્રાળુઓએ ભેલુપુર દેરાસરે પાર્શ્વનાથ ભગવાનના ૪ કલ્યાણક ની સેવા- પૂજા કરી હતી અને પાછા ભેલુપુર આવી ટુર ઓપરેટર દ્વારા તૈયાર રાખેલ સ્વાદિષ્ટ ભોજન કરી સૌ કાશી-વિશ્વનાથ મંદિર ની મુલાકાતે ગયા હતા. સાંજે ચૌવિહાર કરી યાત્રાળુઓએ ગંગા આરતી નિહાળવાનો અને માર્કેટમાં ખરીદી કરવાનો લાભ લીધો હતો. રાત્રે દિવસની યાદોને વાગોળતા સૌ નિંદ્રાધીન થયા હતા.

**તા.૨૩/૧૨/૨૦૨૫** ને મંગળવારે સવારે યાત્રાળુઓએ સેવા-પૂજા - નવકારશી કરી, જોડી કપડા અલગ થેલીમાં લઈ અને બાકીનો સામાન ટેમ્પોમાં મૂકી ચંદ્રપુરી તરફ પ્રયાણ કર્યું હતું. ચંદ્રપુરી તીર્થ પહોંચી ચંદ્રપ્રભ ભગવાનના ૪ કલ્યાણકની સેવા-પૂજા -દર્શન ચૈત્યવંદન કરી સિંહપુરી તરફ પ્રયાણ કર્યું હતું. સિંહપુરીઃ ભુમિ કે જ્યાં શ્રી શ્રેયાંસનાથ ભગવાનના ૪ કલ્યાણકની સેવા-પૂજા -દર્શન ચૈત્યવંદન કરી બપોરનું જમણ કર્યું હતું. ત્યારબાદ અયોધ્યા તરફ પ્રયાણ કર્યું હતું. સિંહપુરી થી અયોધ્યા જતા વચ્ચે ચૌવિહાર નો સમય થઈ જતો હોવાથી **on the way** સારી હોટલમાં **open lawn** માં ચૌવિહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. રાત્રે લગભગ ૧૦:૩૦ વાગે અયોધ્યા કે ૧૯ કલ્યાણકની પાવન ભૂમિ છે ત્યાં આગમન થયું હતું અને અગાઉથી જણાવેલ હોટેલની રૂમમાં જઈ સૌ યાત્રિકો

નિંદ્રાધીન થયા હતા.

**તા. ૨૪/૧૨/૨૦૨૫** ને બુધવારની કડકડતી એવી ઠંડીમાં જ્યારે ગોદડામાંથી નીકળવાનું મન ન થાય તેવી સવારે ૧૯ - ૧૯ કલ્યાણકના દર્શન-સેવા-પૂજા કરવા ઉત્સુક યાત્રાળુઓએ નવકારશી કરી ઋષભદેવ ભગવાનના ૩ કલ્યાણક ( ચ્યવન, જન્મ અને દીક્ષા), અજિતનાથ ભગવાનના ૪ કલ્યાણક, અભિનંદનસ્વામી ભગવાનના ૪ કલ્યાણક, સુમતિનાથ ભગવાનના ૪ કલ્યાણક, અનંતનાથ ભગવાનના ૪ કલ્યાણક એમ ૧૯ કલ્યાણક ની સેવા-પૂજા - ચૈત્યવંદન કર્યા હતા. સૌ યાત્રિકોએ ભેગા થઈ અદભૂત સ્નાત્રપૂજા ભણાવી હતી અને સ્તવનની રમઝટ બોલાવી હતી. દેરાસરમાં યાત્રિકોએ ૨૦૦૦ વર્ષ જૂની અભિનંદનસ્વામીની અલગ અલગ નવ મુદ્રાઓ સાથે ની પ્રતિમાના વંદન - સેવા-પૂજા કર્યા હતા અને પુજારીજીએ પ્રતિમાનો ઇતિહાસ વર્ણવ્યો હતો. બપોરે સ્વાદિષ્ટ જમણ કરી યાત્રિકોએ રામ-મંદિર જઈ રામલલ્લા ના દર્શન કર્યા હતા. સાથે સાથે દશરથ દરબાર ની અદભૂત કોતરણી નિહાળી હતી. સાંજે ચૌવિહાર કરી અયોધ્યા માર્કેટ ની ફેરી કરી મીઠી નીંદર કરી હતી.

**તા. ૨૫/૧૨/૨૦૨૫** ને ગુરુવારે સવારે નવકારશી-સેવા-પૂજા કરી, બદલવાના જોડી કપડા અલગ થેલીમાં લઈ સૌએ રત્નપુરી તરફ પ્રયાણ કર્યું હતું. રત્નપુરી તીર્થે - ધર્મનાથ ભગવાનના ૪ કલ્યાણકની સેવા-પૂજા કરી શ્રાવસ્તી તીર્થ તરફ પ્રયાણ કર્યું હતું. સમયની મર્યાદા હોવાથી યાત્રિકોને બસમાંજ on the way નમકીન ના પેકેટ્સ - ફળ - ચોકલેટ વગેરે આપવામાં આવેલ. શ્રાવસ્તી તીર્થે જીર્ણોદ્ધાર થતો હોવાથી યાત્રિકોનો ઉતારો બાજુમાં આવેલી કોરિયન ધર્મશાળામાં કરવામાં આવ્યો હતો. ધર્મશાળામાં પહોંચી સૌ પ્રથમ સૌએ ચૌવિહાર કર્યો હતો અને પોત પોતાની રૂમે ગયા હતા. સાંજે બહુમાન કાર્યક્રમ હોવાથી યાત્રિકો પાછા નવા વસ્ત્રો ધારણ કરી બહુમાન હોલ માં સમયસર હાજર થઈ ગોઠવાઈ ગયા હતા.

બહુમાન કાર્યક્રમની શરૂઆત કરતા મંડળના મંત્રી શ્રી દર્શનભાઈ શાહે પ્રથમ સૌ યાત્રિકોનું અભિવાદન કર્યું હતું અને યાત્રિકોએ મંડળને ૪૮ કલ્યાણકની યાત્રા કરાવવાનો અવસર પ્રદાન કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. બહુમાન કાર્યક્રમ આગળ વધારતા સૌ પ્રથમ યાત્રા પ્રવાસના મુખ્ય સંઘપતિ શ્રી અનિલભાઈ આર પરીખ અને યાત્રિક અલકાબેન પ્રદ્યુમનભાઇ ગાંધી ના આત્મા ની શાંતિ માટે ૧૨ નવકારનું સ્મરણ કરાવી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

ત્યારબાદ મંડળના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહે યાત્રા પ્રવાસ નિમિત્તે પોતાનું મંતવ્ય વ્યક્ત કરતા સૌ યાત્રાળુઓ, દાતાઓ, ટુર ઓપરેટર અને ખાસ ઉલ્લેખ સાથે યાત્રા પ્રવાસ કમિટીના દરેક સભ્યોનો યાત્રા પ્રવાસનું સુયોજન અને સરળ બનાવવા માટે આભાર વ્યક્ત કર્યો હતો અને વિશિષ્ટ બહુમાન કર્યું હતું. ત્યારબાદ યાત્રા પ્રવાસના દાતાઓ નું પ્રવાસના ટુર ઓપરેટર યોર ચોઈસ વાળા શ્રી રાજુભાઈ પટણી અને રોજ અલગ અલગ વાનગીઓ બનાવી પીરસનાર મહારાજ શ્રી રઘુભાઈ નું વિશિષ્ટ બહુમાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ યાત્રિકોએ યાત્રા પ્રવાસ વિશે પોતાના મંતવ્યો રજૂ કરતા ૪૮ કલ્યાણક ભૂમિના દર્શન-સેવા-પૂજા કરવાનો વિશેષ આનંદ વ્યક્ત કરતા મંડળજે સુવિધાઓ - સગવડ કરી હતી તે માટે યાત્રા પ્રવાસ કમિટી નો ખાસ આભાર વ્યક્ત કર્યો હતો. મંડળ દ્વારા યોજાયેલ યાત્રા પ્રવાસના ઇતિહાસમાં પ્રથમ વખત યાત્રામાં આવેલ યાત્રાળુઓ માંથી આગામી ૧૮ કલ્યાણક ભૂમિ - હસ્તિનાપુર, યાત્રાના સંઘપતિ બનવા ૯ દાનવીર પરિવારે ઉલ્લાસભેર નામ લખાવ્યું હતું. બહુમાન કાર્યક્રમની સમાપ્તી પછી સૌ પોતાની રૂમે જઈ નિંદ્રાધીન થયા હતા.

**તા. ૨૬/૧૨/૨૦૨૫** ને શુક્રવારે સવારે નવકારશી કરી સૌ યાત્રાળુઓએ બાજુમાં આવેલ દેરાસરે જઈ સંભવનાથ ભગવાનો ૪ કલ્યાણકની ભૂમિપર બાજુની ઓરડીમાં રાખેલ શ્રી સંભવનાથ ભગવાની વાશક્ષેપ પૂજા-પક્ષાલ પૂજા- કેસરપૂજા અને આરતી-મંગળ દિવાનો લાભ લીધો હતો. ૨-૩ કિલોમિટર દૂર આવેલ શ્રી સંભવનાથ ભગવાનની જન્મભૂમિ ની મુલાકાત - વંદન કર્યા હતા. બપોરનું જમણ શ્રાવસ્તી કરી સૌ યાત્રિકોએ પોત પોતાની બસ માં ગોઠવાઈ લખનઉ તરફ પ્રયાણ કર્યું હતું. યાત્રિકોને **on the way** પેક ડિનર આપવામાં આવેલ. લખનૌ ટર્મિનસ પહોંચી સૌ ૧૨૫૩૩ - પુષ્પક એક્સપ્રેસ ટ્રેનમાં પોત પોતાની સીટ પર ગોઠવાઈ નિંદ્રાધીન થયા હતા.

**તા.૨૭/૧૨/૨૦૨૫** ને શનિવારની સવારની નવકારશી, બપોરે પેક જમણ અને સાંજે ચૌવિહાર ની વ્યવસ્થા ટ્રેનમાં કરવામાં આવી હતી. અખો દિવસ ટ્રેનમાં યાત્રાળુઓએ યાત્રા પ્રવાસની યાદો વાગોળતા વાગોળતા પસાર કર્યો હતો. રાત્રે લગભગ ૦૯:૩૦ વાગે ટ્રેનનું દાદર સ્ટેશને આગમન સાથે ૪૮ કલ્યાણક યાત્રા પ્રવાસની સમાપ્તિ થઈ હતી અને સૌ યાત્રાળુઓ આગામી ૧૮ કલ્યાણક યાત્રા પ્રવાસ માં ફરી મળવાની ઉત્સુકતા સાથે છૂટા પડ્યા હતા.

આ અવિસ્મરણીય ૪૮ કલ્યાણક ભૂમિ (પ્રયાગરાજ - કોસાંબી - બનારસ - અયોધ્યા - શ્રવસ્તી) યાત્રા પ્રવાસમાં માં નીચે જણાવેલ ભાગ્યશાળીઓએ મોટા આદેશ લઈ પુણ્યાનુ બંધી પુણ્ય બાંધવાનો નો લાભ લીધો છે.

**મુખ્ય સંઘપતિ:**

- શ્રીમતી ભારતીબેન અનિલભાઈ પરીખ

**સહ- સંઘપતિ:**

- શ્રીમતી કોમિલાબેન મહેન્દ્રભાઈ શાહ
- શ્રીમતી હંસાબેન પદ્મરાજજી ભંડારી
- શ્રીમતી કલ્પિતાબેન/પલ્લવીબેન/મયુરિકાબેન અજમેરા
- શ્રીમતી જ્યોતિબેન ભરતભાઈ શાહ
- શ્રીમતી નીતાબેન નિશિથભાઈ શાહ
- શ્રીમતી હર્ષાબેન મનીષભાઈ શાહ

યાત્રા પ્રવાસ દરમ્યાન સંપૂર્ણ દિવસના
(નવકારશી, બપોરનું ભોજન અને ચોવિહાર)

**સંપૂર્ણ દિવસના લાભાર્થીઓ:**

શ્રીમતી નેહાબેન નિરવભાઈ શાહ (૧૯/૧૨/૨૦૨૫)
શ્રીમતી શીલાબેન હેમેન્દ્રભાઈ સલોત (૨૦/૧૨/૨૦૨૫)
શ્રીમતી સરોજબેન બિપીનભાઈ શાહ અને
શ્રીમતી ભાવનાબેન દીપકભાઈ દેસાઈ (૨૧/૧૨/૨૦૨૫)
માતુશ્રી વિમળાબેન મનહરલાલ ત્રિભોવનદાસ શાહ (૨૨/૧૨/૨૦૨૫)
શ્રીમતી જયશ્રીબેન જયેશભાઈ શાહ (૨૩/૧૨/૨૦૨૫)
શ્રીમતી અલ્કાબેન પ્રદ્યુમનભાઈ ગાંધી (૨૪/૧૨/૨૦૨૫)
શ્રીમતી ઉષાબેન શાહ અને શ્રીમતી ડોલરબેન દેસાઈ (૨૫/૧૨/૨૦૨૫)
શ્રીમતી જાનકીબેન મેહુલભાઈ મહેતા (૨૬/૧૨/૨૦૨૫)
શ્રીમતી અંજનાબેન અતુલભાઈ પરીખ અને
શ્રીમતી રૂપાબેન ગિરીશભાઈ શાહ (૨૭/૧૨/૨૦૨૫)

મંડળ દરેક લાભાર્થીઓની ભૂરી ભૂરી અનુમોદના કરે છે. યાત્રા પ્રવાસ દરમ્યાન યાત્રા પ્રવાસ કમિટી દ્વારા એકાસણા - બ્યાસણા ની અને ગરમ પાણીની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. મંડળ દ્વારા દરેક દેરાસરે પૂજાપો ચઢાવાયા હતો, સાધારણ - ધર્મશાળા નિભાવ વગેરે ખાતામાં રકમ લખાવાઈ હતી અને પુજારીજી વગેરેને રોકડ ભેટ આપી હતી. રૂ.

## જૈન સગપણ માહિતી કેન્દ્ર - બોરીવલી

શ્રી ઝાલાવાડ શ્વે. મૂ. જૈન મંડળ બોરીવલીના નેજા હેઠળ ઉપરોક્ત કેન્દ્ર અવિરત ૨૦૦૩ થી ૨૦૨૬ સુધી -કાર્યરત રહે છે. છેલ્લા છ મહિનાથી અમારા દરેક કાર્યકર્તા દર રવિવારે ૧૦ થી ૧૨ ઓફિસમાં હાજર રહે છે, પરંતુ યુવક-યુવતિ તેમજ તેમના માતા પિતાની અવરજવર ઓછી થઇ હોવાથી, તેમજ મંડળના કાર્યાલયની ઇમારત હવે **Redevelopment** માં જઈ રહી હોવાથી હવે ૧ જાન્યુઆરી ૨૦૨૬થી ફકત એનલાઇન આ પ્રવૃત્તિ ચાલુ રાખવામાં આવી છે. ઓનલાઇન માહિતી શ્રી જયેશભાઈ તથા પ્રિયાબેન: ૯૩૨૪૪૬૨૪૮૦ ને ફોન કરીને તેમના સમય પ્રમાણે માહિતી મેળવી લેવી. આજ સુધીમાં ઉપરની પ્રવૃત્તિ દ્વારા હાલ સુધી લગભગ ૩૫૦૦ થી ૪૦૦૦ યુવક-યુવતિઓએ રજીસ્ટ્રેશન કરીને લાભ લીધેલ છે, અને એમને જણાવતા અતી આનંદ થાય છે કે, અમારા મંડળને આ પ્રવૃત્તિ કરવાનો અવસર મળ્યો અને આપણા મેમ્બર તેમજ જૈન માત્રને આ સેવાનો લાભ મળેલ છે.

● હરેશભાઇ બારભાયા ● જયેશભાઇ ગાંધી, ● પ્રદિપભાઇ શાહ
ના જય જિનેન્દ્ર

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ-બોરીવલી

ઉપરોક્ત મંડળ દ્વારા આ વર્ષથી એટલે કે ૨૦૨૫ થી મંડળે નક્કી કર્યા મુજબ મુંબઈમાં વસતા આપણા ઝાલાવાડ પરિવારમાંથી કોઈપણ ભાઈ-બહેનનું દીક્ષા નું મુર્હત આવી ગયું હોય તો ભાઈ-બહેનનું બહુમાન કરવાનું મંડળે નક્કી કર્યું છે. તો આપણા સમાજમાંથી કોઈ પણ ભાઈ બહેનનું દીક્ષા નું મુર્હત આવી ગયું હોય તેમને ખાસ વિનંતી છે કે તેમના બહુમાન કરવાનો લાભ શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. મંડળ બોરીવલીને આપે, અને મંડળને કૃપા કરીને નીચે આપેલા મોબાઈલ નંબર ઉપર ખાસ જણાવે તેથી મંડળને તેમના બહુમાન કરવાનો લાભ મળે.

શ્રી મનીષભાઈ: ૮૭૭૯૭૮૫૬૮૮
શ્રી કેતનભાઇ : ૯૩૨૪૬૩૧૭૫૬.

જેમાં આપણા પરિવારમાંથી જ મૂળ વતન બોટાદના હાલ કાંદીવલી રહેતા **મુમુક્ષરત્ન જૈનમ નિમેષભાઈ શાહ** જેઓ ઘર-સંસાર છોડી પ્રભુ મહાવીરના પથ ઉપર કદમ માંડી આત્મવિકાસની પરમકાષ્ઠાએ પહોંચવા અને સિદ્ધોના સાધર્મિક બનવાના માર્ગ ઉપર ચાલવા માટે કટિબદ્ધ થયા છે એ વિચાર માત્રથી આનંદ અનુભવીએ છે. મંડળ માટે સૌભાગ્યની વાત છે. તેમના બહુમાન કરવાનો લાભ શ્રી ઝાલાવાડ શ્વેતાંબર મૂર્તિપૂજક મંડળ-બોરીવલી ને તારીખ:૧૭ જાન્યુઆરી ૨૦૨૬ ને શનિવાર રાતના ૦૯:૦૦ કલાકે તેમના ગૃહ આંગણે મંડળના સર્વ કમિટી સભ્યોની હાજરીમાં શ્રીફળ, સાલ, કવર, મોતીની માળા અને બહુમાન પત્રકથી તેમનો બહુમાન કરવામાં આવેલ હતું. જેના મંડળના દરેક સભ્યોને ખૂબ જ આનંદ હતો.

આપ સંયમ ચારિત્રની યાત્રા કરવા સિદ્ધવી રહ્યા છો ત્યારે આપને પુનિતપંથે જવા રાજી ખુશીથી હૈયાના અને અનેક-વિધ શુભ-ભિલાષથી નવડાવી આપ સહર્ષ રજા આપનાર આપના માતૃશ્રી રીમ્પલબેન, પિતાશ્રી નિમેષભાઈ કનૈયાલાલ શાહ તથા બેન મહારાજ સાહેબ પૂજ્ય સાધ્વીજી શ્રી શ્રવ્યલીનાશ્રીજી મ.સા.તથા પરિવારને હજારો હૈયાના હાર્દિક ધન્યવાદ આપીએ છીએ. આત્માને આવિખાવતી અને આત્માના સાચા સ્વરૂપને પમાંડતી પ્રયોગશાળામાં આપ પગ મૂકી રહ્યા છો આપનો સંયમ માર્ગે પ્રેરનાર સ્વાધ્યાય પ્રેમી પ. પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય યોગતિલક સૂરીશ્વરજી મહારાજ સાહેબ સ્વરૂપે તેમની ઉપસ્થિતિમાં ભગવતી પ્રવજયા ગ્રહણ કરવાના છો.

**મુમુક્ષરત્ન જૈનમ નિમેષભાઈ શાહ** દીક્ષા વિક્રમ સંવત ૨૦૮૨ મહા વદ-૭, રવિવાર ૦૮-૦૨-૨૦૨૬ ના રોજ આધ્યાત્મ નગરી ચીકુવાડી બોરીવલી વેસ્ટ છે. તો આપ સૌએ આશીર્વાદ આપવા માટે જરૂરથી પધારવાનું છે .

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ - બોરીવલી

ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિ પૂજક મહિલા(મંડળ, બોરીવલી) નો વાર્ષિક દિવસ પોષ વદ ત્રીજ તારીખ ૦૬/૦૧/૨૦૨૬ મંગળવાર નાં રોજ મહાવીર સ્વામી જૈન દેરાસર બ્લુ બેલ બિલ્ડીંગ ની બાજુ માં, આનંદ નગર, લીંક રોડ બ્રીજ આગળ દહીસર પૂર્વ, મુંબઈ ૪૦૦ ૦૬૮ માં સવારે ૧૦.૦૦ વાગે પંચ કલ્યાણક પૂજા ભણાવવાનો રાખેલ હતો, ભાગ્યશાળીઓને લકી ડ્રો ની કુપન ૧૧.૦૦ વાગ્યા સુધી આપવામાં આવેલ. પૂજા માં દરેક બહેનોએ ખુબજ ઉમંગ સાથે ઝાલાવાડી ઢોલ નાં સથવારે દુહાની રમઝટ જમાવી હતી. બહેનોએ ચામર નો ડાન્સ, ખંજરી નો ડાન્સ અને દુહા સાથે ગરબાની રમઝટ પણ બોલાવી હતી. તથા સાધ્વીજી મહારાજ સાહેબ પણ પૂજા માં આવેલ અને અમને દુહાનો લાભ આપ્યો હતો.

માતુશ્રી સ્નેહલતાબેન ને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવેલ હતી ત્યાર બાદ આરતી અને મંગલ દીવાની બોલી બોલાવી હતી. આરતી નો લાભ અમારા મંડળ નાં પ્રમુખ ઇન્દુબેન બગડિયા અને તેમના પુત્રવધુ સોનલબેન બગડિયા એ લાભ લીધો હતો. મંગલ દીવા નો લાભ ગ્રીષ્માબેન સુનીલભાઈ શાહ હસ્તે મીનાબેને લીધો હતો. ત્યાર બાદ શાંતિ કળશ નો લાભ ઈલાબેન અજમેરા એ લીધો હતો. ચૈત્યવંદન કરીને મંડળ તરફ થી જે બહેનોની હાજરી હતી તેમને વિશિષ્ટ પ્રભાવના આપેલ હતી. તથા લક્કી ડ્રો નાં બે ઇનામ આપવામાં આવેલ હતા.

**રૂ. ૨૫૦૦/-** માતુશ્રી સ્નેહલતાબેન ભીખાલાલ ભાઈ વોરા

**નીચેના દરેકના રૂ. ૫૦૦/- મુજબ:**

ઇન્દુબેન બગડિયા, વિભાબેન, ઇન્દીરાબેન અજયભાઈ, અમિતાબેન કૌશિક ભાઈ, હંસાબેન હસમુખભાઈ, કરીશ્માંબેન ઉદયભાઈ, હેમાલીબેન આશીતભાઈ, હીના હેમંતભાઈ, યોગીનીબેન ધનેશભાઈ, ચારુબેન કલાપી, શિવાંગી સંજયભાઈ, કોમલબેન ધર્મ ધર્મેશભાઈ, કંચનબેન ચીમનલાલ, જ્યોત્સનાબેન દિલીપ ભાઈ, મીનળબેન ભરતભાઈ, ફાલ્ગુનીબેન ગાંધી, દર્શનાબેન નરેન્દ્રભાઈ, પ્રમોદાબેન નવીનચંદ્ર, નયનાબેન સંજયભાઈ, મીનાબેન શાહ – ભાવિકાબેન.

**નીચેના દરેકના રૂ. ૨૦૦/- મુજબ:**

કોકીલાબેન ભરતભાઈ, બીનાબેન શાહ, આરતીબેન નરેન્દ્રભાઈ, મિત્તલબેન અતુલભાઈ, સંગીતાબેન સુનીલભાઈ, કોકીલાબેન પ્રદીપભાઈ, વૈશાલીબેન શૈલેશભાઈ, રંજનબેન અશોકભાઈ તથા એક સદ્‌ગૃહષ્થ તરફથી – આ પ્રમાણે મંડળ ને ભેટ આવેલ છે. ત્યારબાદ સરસ મજાનું મધુર ભોજન કરવામાં આવેલ હતું. અને મીઠા સંભારણા સાથે બધા છુટા પડ્યા હતા.


**શ્રી ઝાલાવાડ જૈન. શ્વે. મૂ.પૂ. સંઘ-મુંબઇ**
**સંચાલિત: શ્રી આદિનાથ રત્નત્રય આરધના ધામ**
**યાત્રિક ભવન પાલિતણા**

**ઉપરોકત શ્રી સંઘ સંચાલિત પાલિતણા યાત્રિક ભવનમાં ગ્રીષ્મઋતુ (ઉનાળા વેકેશન)માં રાહત દરે બ્લોકનું બુકિંગ કરાવી સિધ્ધાચલ ગિરિરાજની યાત્રાનો લાભ લઇ શકો છો.**
**૧૬ માર્ચ ૨૦૨૬ થી ૧૫ જુન ૨૦૨૬ સુધી**
**૩ માસ માટે બ્લોકના ઘટાડેલા દર**
**એ.સી રૂમ. ૨/૩ બેડ: રૂ. ૬૦૦/-**
**નોન એ.સી. રૂમ. ૨ બેડ: રૂ. ૨૦૦/-**
**એ.સી. રૂમ. ૪/૫ બેડ: રૂ. ૧૦૦૦/-**
**નોન એ.સી. રૂમ. ૫ બેડ: રૂ. ૪૦૦/-**
**સમાજના સભ્યોને ઉપરોકત યોજનાનો લાભ લેવા વિનંતી.**



**ખુશખબર... ખુશખબર... ખુશખબર...**

એલોપેથિક દવાના પ્રિસ્ક્રિપ્શન પર
૩૦% ડિસ્કાઉન્ટ ★ ફ્રી હોમ ડિલિવરી

પ્રિસ્ક્રિપ્શન વગર કોઈ પણ દવા આપવામાં આવશે નહિ. દવાનો ઓર્ડર કરશો પછી ૨૪ થી ૪૮ કલાક માં ડીલીવર થશે, પેમેન્ટ કેશ થી અથવા ONLINE કરવાનું થશે(નો ક્રેડિટ કાર્ડ પેમેન્ટ )

મેડિસિન મંગાવવા માટે યોગ્ય પ્રિસ્ક્રિપ્શન અને દેરાસરનું કાર્ડ નીચેના નંબર પર અપલોડ કરવું. Whatsapp નંબર (અપલોડ કરવા માટેનો નંબર)
૯૦૦૪૫૯૦૭૨૫/૯૦૮૨૩૦૮૫૬૯

**ઉપરોકત યોજના દેરાવાસી જૈનો માટે છે.**

આમાં કોઈ ને કંઈપણ તકલીફ પડે તો મંડળના પ્રતિનિધિ ને નીચેના નંબર પર સંપર્ક કરવો.
★ કલ્પેશ શાહ ૯૮૭૦૨૦૧૮૪૦
★ યશોષ ઝવેરી ૯૮૨૦૨૯૩૨૦૨
★ શિરીષ શાહ ૯૩૨૨૬૪૮૩૫૫

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ કાંદીવલી

તા. ૦૬/૦૧/૨૦૨૬ મંગળવાર બપોરના ૩થી ૭ રઘુશિયા હોટલમાં ઉપર A.C હોલ કાંદીવલીમાં પ્રોગ્રામ રાખેલ.

ખૂબ જ આનંદ ઉત્સાહથી લગભગ ૧૧૦ બહેનો સજી-ધજીને હોલમાં પોતપોતાની સીટો ઉપર ગોઠવાઈ ગયા હતા. ગરમ ગરમ ચા-કોફી તેમજ હળવો નાસ્તો કરીને બહેનો ગેમ રમવા માટે તૈયાર થઈ ગયા હતા.

ચાર્મીબેન માથુંકિયાએ સહુબહેનોને લખવાની ખૂબજ સુંદર ગેમ રમાડી બહેનોને ખૂબ ખુશ ખુશાલ કરી દીધા હતા. ત્યારબાદ એક અનોખી અંતાક્ષરી રમાડેલ હતી ત્યાર પછી હાઉસી ગેમ રમાડવામાં આવેલ હતી બહેનોને જે જીતેલ હતા તેઓને મંડળ તરફથી ઇનામો આપવામાં આવ્યા હતા.

તાલીઓના ગડગડ થી આખો હોલ ગુંજી ઉઠ્યો હતો ખૂબ જ સારી સંખ્યામાં બહેનો આવીને ખૂબ જ આનંદથી એકબીજાને મળીને પ્રમુખશ્રીને તથા કમિટી મેમ્બરને વધાવી લીધા હતા.

ત્યારબાદ પ્રમુખશ્રી રાગીનીબેનના નેતૃત્વ હેઠળ સેક્રેટરીના નયનાબેન વોરાએ આવેલ દરેક બહેનોનું શાયરી બોલીને સ્વાગત કર્યું હતું અને આગળના વર્ષોમાં એક એક થી ચઢતા કાર્યક્રમ આપીશું દરેક બહેનોના સાથ સહકારથી મંડળને ઉચ્ચતમ શિખર ઉપર લઈ જવું છે એવી આશા વ્યક્ત કરી હતી પ્રમુખ શ્રી રાગિનીબેન, નયનાબેન, મયુરીબેન, માયાબેન, દક્ષાબેન, નીપાબેન, અમિતાબેન, જાગૃતિબેન, રીનાબેન, સંધ્યાબેન વગેરે કમિટી ખૂબ જ હોષ અને જોશથી દર વખતના પ્રોગ્રામો સફળતાપૂર્વક પાર પાડે છે અને હવે પછીનો પ્રોગ્રામ વન-ડે પિકનિકની વાત કરી હતી ત્યારબાદ રમત ગમત ની મોજ માડી ને દરેક બહેનો ઈડલી ચટણી, ગરમ ગરમ મેંદુ વડા સંભાર તથા વેજીટેબલ ઉત્તપા તથા કોલ્ડ્રિંક્સ લઇને આનંદ વ્યક્ત કર્યો હતો ઉદારદીલે બહેનોએ મંડળને અમૂલ્ય ફાળો લખાવેલ હતો.

રૂ.૧૦૦૧/- મયુરીબેન દીપેષભાઇના પુત્ર ના લગ્ન નિમિત્તે
રૂ.૧૦૦૧/-રિંકલબેન નિમેષભાઈ શાહ
રૂ.૫૦૦/-માયાબેન કમલેશભાઈ નવા મકાન નિમિત્તે
રૂ.૫૦૦/-બીનાબેન પરેશભાઈ શાહ
રૂ.૫૦૦/-નીતાબેન બીપીનભાઈ શાહ
રૂ.૫૦૦/-પ્રિતીબેન બકુલભાઈ શાહ
રૂ.૫૦૦/-ફાલ્ગુનીબેન કોઠારી દીકરાના લગ્ન નિમિત્તે
રૂ.૫૦૦/-અમિતાબેન
રૂ.૫૦૦/-રસીલાબેન મહેતલીયા
રૂ.૫૦૦/-જ્યોતિબેન હાર્દિકના ભદ્રતપ નિમિત્તે
રૂ.૫૦૦/-શાંતાબેન મહેન્દ્રભાઈ શાહ
રૂ.૫૦૦/-રીટાબેન અજયભાઈ દીકરીને ત્યાં દીકરો આવ્યો
રૂ.૫૦૦/-અલ્પાબેન રાજેન્દ્રભાઈ વોરા
રૂ.૫૦૦/-ભાવનાબેન દેસાઈ નવા મકાન નિમિત્તે

મંડળે દરેક બહેનોને ખુબ ખુબ આભાર માનેલ છે.

## શ્રી ઝાલાવાદ જૈન શ્વે. મૂ.પૂ. મહિલા મંડળ - વિલેપાર્લા અતિ પ્રાચીન તથા નૂતન તીર્થનો યાત્રા પ્રવાસ

જામનગર-જુનાગઢ, ગિરીરાજ સાસણગીરી દ્વારકા - બેટ-દ્વારકા. તારીખ ૧૫-૯-૨૦૨૫ ની શુભરાત્રી મુંબઈ સેન્ટ્રલ થી દુરંતો એક્સપ્રેસ A.C ટ્રેન દ્વારા પાર્શ્વ હોલીડેઝના ભાવેશભાઈ સંઘવીના સથવારે આપણા પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ભરતભાઈ શાહની સાલગીરી ૩૫ ભાઈ બહેનો સાથે રાતના ૧૦:૩૦ વાગે બોમ્બે સેન્ટ્રલના પ્લેટફોર્મ ૫ર શ્રીમતી જ્યોતિબેન બાવાશીએ કમિટીની બહેનો સાથે મળી પ્રમુખશ્રીનો બહુમાન કુમકુમ તિલક મોતીની માળા અને ચાંદીની મુદ્રા વડે આટલી સુંદર યાત્રાનું આયોજન કર્યું તેની અનુમોદના કર્યું. દરેક યાત્રાળુ બહેનોએ હર્ષોલ્લાસ સાથે તેમને વધાવીને યાત્રા માટે લીલી ઝંડી આપી યાત્રા શરૂ કરી. ભાવેશભાઈએ દરેક યાત્રીકોને અવકારતા ઠંડા પીણા સાથે સ્વાગત કરી બધા યાત્રાળુને Cool -Cool કરી દીધા.

**તા.૧૬-૯-૨૦૨૫:** વહેલી સવારે ટ્રેનમાં સુરેન્દ્રનગર થી ગરમાગરમ નવકારસીનો નાસ્તો કરાવી યાત્રાના પ્રથમ દિવસની શરૂઆત કરી ૮:૩૦ વાગે રાજકોટ સ્ટેશનથી શ્રી નેમિનાથ પરમાત્માનો જય બોલાવતા નવકારનું સ્મરણ કરી યાત્રા શરૂ કરી. રાજકોટ થી ૧૦ કિલોમીટર આગળ જ્યાં શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જિનાલય દર્શન ચૈત્યવંદન કરી ધન્ય બન્યા આગળ જતા એક કલાક બાદ પાછોના જિનાલય દર્શન છે તે વંદન કરી ધન્ય બન્યા શ્રી સ્થલીભદ્ર તીર્થી મુળાનાયક શ્રી આદેશ્વર દાદા ના ચૈત્યવંદન જુહારી દર્શન ચૈત્યવંદન વંદનનો લાભ લઈ આગળ પ્રયાણ કરતા જામનગર કુંવરબાઈ ધર્મશાળામાં ખૂબ જ ઉત્સાહપૂર્વક ઢોલ અને શરણાયના સુરે યાત્રિક બહેનોનું ભવ્ય સ્વાગત થયું ગરમા ગરમ સ્વાદિષ્ટ ભોજનને માણીને બે વાગે જામનગરની બજારના ચોકમાં આવેલ અતિ પ્રાચીન અને ભવ્ય જિનાલયો એક દેરાસર થી બીજા દેરાસરમાં બાર દેરાસર જુહારવામાં આવ્યા. શ્રી નેમીનાથદાદા, નેમનાથ દાદા ની ચોરી જિનાલયે, શ્રી શાંતિનાથ, શ્રી ભાભા પાર્શ્વનાથ, શ્રી મલ્લિનાથજી, શ્રી સંભવનાથ, શ્રી પાર્શ્વનાથ, શ્રી સીમંધરસ્વામી, શ્રી મહાવીર સ્વામી, શ્રી આદેશ્વરદાદા ના જીનાલયમાં દર્શન સેવા પૂજા ચૈત્યવંદન કરતાં પ્રભુમય બની ઉત્કૃષ્ટ ભક્તિ કરી પાવન થયા ચૌવિહાર કરીને રાતના ભાવેશભાઇએ ઢોલીને બોલાવી બહેનોને ગરબે રમાડ્યા, આનંદ માણતા નિદ્રાધીન થયા.

**તા. ૧૭-૦૯-૨૦૨૫**: વહેલી સવારે પ્રતિક્રમણ કરી નજીકમાં આવેલા શ્રી વિમલનાથ જિનાલયે અભિષેક-પૂજા કરી બાજુમાં શ્રી આદિનાથ જિનાલય સેવા પૂજા કરી નવકાશી વાપરી બસમાં ગોઠવાયા દ્વારકા તરફ પ્રયાણ આગળ જતા શ્રી આરધના ધામ ના મોટા નાયક શ્રી મહાવીર સ્વામીની પૂજા કરી વિશાલ જિનાલયના દર્શન પૂજા કરી આગળ પ્રયાણ બપોરે જમીને બેટ-દ્વારકા પહોંચ્યા સનાતન ધર્મમાં આતિર્થનું અચીત્ય મહિમા છે. આત્મા તે જમીને

બેટ દ્વારકા પહોંચ્યા. અહીંયા ગોમતી નદી અને અરબી સમુદ્ર નો સંગમ છે. આ તિર્થને દેવભૂમિ કહેવામાં આવે છે. અને અરબી સમુદ્ર દ્વારકાધીશના સતત પગ પખાણે છે ખુદ કૃષ્ણ મહારાજા અને શ્રી નેમિનાથ પ્રભુની કર્મભૂમિ શ્રી પરમાત્મા અહીંયા વિચરેલ છે. અહીંયા થી નેમિનાથ પ્રભુ રાજુલને પરણવા જાન લઈને ગયા હતા. અહીંયા અતિ પ્રાચીન સ્વયંભુ તારીખ નાગેશ્વર જ્યોતિર્લિંગનું મંદિર, હનુમાનજીનું મંદિર અને દ્વારકાધીશનું મંદિર મુખ્ય છે.

**તા.૧૮-૦૯-૨૦૨૫:.** વહેલી સવારે પ્રતિક્રમણ કરી દ્વારકાના નુતન મનો રમ્યા જિનાલઈને જુહારવા આવી પહોંચ્યા. જયા મૂળનાયક શ્રી નેમિનાથ પરમાત્મા બિરાજે છે. પરમાત્મા ના અભિષેક અને અષ્ટકારી પૂજાના બધા ચઢાવવાના લાભ લઈને બધા ધન્ય ધન્ય બન્યા. દેવ વિમાન તુલ્ય નૂતન અદ્‌ભુત ચૈત્ય જુહારી પાવન થયા. નવકાસી કરી જુનાગઢ તરફ પ્રયાણ બપોરનું ભોજન કરી રસ્તામાં આવતા જિનાલયો જુહારતા સાજના જુનાગઢ ગિરનારજી તળેટીમાં આવેલ કચ્છની ધર્મશાળામાં આપી પહોંચ્યા. પ્રાંગણમાં પ્રવેશતા શ્રી મુનિસુવ્રુત સ્વામી જિનાલય દર્શન કરી ચોવીહાર કરી પરમાત્મા ની આરતી મંગલ દિવાનો લાભ લીધો

**તા. ૧૯-૦૯-૨૦૨૫:** વહેલી સવારે પ્રતિક્રમણ કરી નવકારશી કરી શ્રી મુનિસુવ્રત દાદાના દરબારે અભિષેક પૂજા કરી રોપવે દ્વારા ગીરીરાજ જુહારવા ૧૫ મિનિટમાં અંબાજીની ટૂંક પર આવી પહોંચ્યા. કોઈ ચાલતા તો કોઈ ડોલી દ્વારા હજાર પગથિયા ઉતરી શ્રી નેમિનાથ દાદાના દરબારમાં આવી પહોંચ્યા. દાદાના અભિષેક થી લઈને બધા ચડાવા લગભગ આપણા બહેનોએ લીધા એટલે બધાને ખૂબ જ ઉત્કૃષ્ટ લાભ મળે બધાના મનમાં આનંદ આનંદ હતો દાદાની ખૂબ ભક્તિ કરી બધા લાભ લઈને પાછી દેરાસર પૂજા કરી પાવન થાય ફરી પાછા અંબાજી ટુકથી રોપવે દ્વારા ગિરનારની પરત આવી પહોંચ્યા

જમીને બધા જ બસમાં સાસણગીર જંગલના રાજા ને જોવા ઉપડ્યા હતા. જગ પ્રસિદ્ધ જંગલોના રાજાને નજર સમક્ષ નિહાળી અદ્‌ભુતાનંદ મસ્તી કરતાં ચોવિહારના સમયે પાછા આવ્યા આજે પણ દેરાસરમાં આરતી મંગળ દેવાનો લાભ લઇ આજુબાજુના દેરાસરમાં દર્શન કરી પૂજય નમ્રમુનિમ.સા.ના પાવન ધામના દર્શને આવીયા. અહયા આર્ટ ગેલેરી અને મ્યુઝિયમ નિહારતા અદ્‌ભુત લાગ્યું ખૂબ જ સિસ્ટમેટિક અને સિસ્ટમેટિક અને શિસ્ત જોઇને માન થાયું. રાતના બધા નીચેના હોલમાં બહુમાન અર્થે ભેગા થયા પ્રોગ્રામની શરૂઆત શ્રી જ્યોતિબેન બાવીસીએ નમસ્કાર મહામંત્રથી કરી આવેલ ગેસ્ટ યાત્રિક બહેનોએ પોતાનો પરિચય આપતા. યાત્રાના આનંદનો અનુભવ વાતો કરી. પોતાના વિચારો દર્શાવ્યા ત્યારબાદ આવનીયાત્રાના **મુખ્ય સંઘપતિઓ તથા સહાયક સંઘ પતિઓનો** બહુમાન માટે આગળ બોલાવ્યા.

**સંઘપતિ તરીકોનો લાભ લેનાર ભગ્યશાળી પરિવાર:**

**રૂ. ૧૫૦૦૦**/- શ્રીમતી શારદાબેન કિશોરભાઈ શાહ
(માટુંગા થી પધારલે આપણઅ મહેમાન
**રૂ/- ૧૧૦૦૦**/- શ્રીમતી જ્યોતિબેન ભરતભાઈ શાહ
**રૂ/- ૧૧૦૦૦**/- શ્રીમતી દક્ષાબેન એમ. શાહ
(પ્રમુખ શ્રી જ્યોતિબેન શાહના વેવાણ)
**રૂ. ૧૧૦૦૦**/- શ્રીમતી ચંદાબેન ડી. શાહ
**રૂ. ૧૧૦૦૦**/- શ્રીમતી કિરણબેન સુમનભાઈ શાહ
**રૂ. ૧૧૦૦૦**/- એક પુણ્યશાળી બેન (હ. શ્રી સ્મિતાબેન શાહ)
**રૂ. ૫૦૦૦**/- શ્રીમતી જ્યોતિબેન બી. બાવાસી (સહાયક સંઘપતિ)
**રૂ. ૫૦૦૦**/- શ્રીમતી રૂપલબેન એચ. શાહ (સહાયક સંઘપતિ)
**રૂ. ૫૦૦૦**/- શ્રીમતી જયશ્રીબેન એલ. શાહ (સહાયક સંઘપતિ)
**રૂ. ૫૦૦૦**/- શ્રીમતી જયોત્સનાબેન ભરતભાઇ મહેતા (સહાયક સંઘપતિ)

આ દરેક દાતા શ્રી સંઘતિ બહેનો તથા સહાયક સંઘપતિ બહેનોનું બહુમાન કુમકુમ, તિલક, મોતીની માલા તથા ચાંદીની મુદ્રા દ્વારા ઉલ્લાસ પૂરો કરી ખૂબ જ આનંદ અનુમોદના કરતા આભાર વ્યક્ત કર્યો. ટુરના આયોજક શ્રી ભાવેશભાઈ સંઘવી નું બહમાન કરવા પ્રમુખ શ્રી જ્યોતિબેન શાહે શ્રી ભરતભાઈ મહેતાને બોલાવ્યા. જેઓ તિર્થ યાત્રાના અતિથિ તરીકે આવેલ વડીલ મહેમના છે. જેઓએ ભાવેશભાઈ ને કુમકુમ તિલક કરી મોતીની માળા પહેરાવી સુવર્ણ મુદ્રા દ્વારા અનુમોદના કરતા બહુમાન કર્યું. પ્રમુશ્રીએ પણ તેમના તરફથી પણ આવી અદ્‌ભુત યાત્રા કરવા બદલ અનુમોદના સહભેટ આપી. ખૂબ જ આનંદ સાથે ખુશ ખુશાલ થતા પ્રોગ્રામ પૂર્ણ કરી નિદ્રાધીન થયા.

**તા. ૨૦.૦૯.૨૦૨૫**: વહેલી સવારે પ્રતિક્રમણ કરી તળેટીના જિનાલે પૂજા કરી તળેટીને જુહારી ગામના તથા આજુબાજુના જિનાલયોમાં પૂજા કરી આ.ભ. શ્રી હેમવલ્લભ સુરીજીની ધર્મશાળામાં શ્રી મુનીસુવ્રતસ્વામી જિનાલયે મૂ.ના. પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા કરવા દરેક ચઠાવાના લાભ લઈ ધન્ય બન્યા. નવકારશી કરી સૌ બસમાં ગોઠવાયા. આજે યાત્રાનો છેલ્લો દિવસ છે. બધાએ મન ભરી ભક્તિ કરી. યાત્રા કરી પાવન થાય. જૂનાગઢ સ્ટેશન પર આવી પહોચ્યા. સૌરાષ્ટ્ર જનતા દ્વારા મુંબઈ તરફ રિટર્ન બપોરનું ભોજન અને ચોવિહાર ટ્રેનમાંજ કરતા સાથે મીઠા સંસ્મરણો વાગોળતા આવતા ખૂબ જ આનંદ અને મસ્તી કરતા મુકામે ઉતારતા ફરી આવી યાત્રા જલ્દી કરાવો એવા શુભ વચન સાથે સૌ મુંબઈના ધમાલ ભર્યા જીવનમાં વ્યસ્ત થવા આવી પહોંચ્યા. પોતાના સ્વસ્થતા ને, પૃથ્વી નો છેડો ઘર. મંડળ દરેક યાત્રાળુ બહેનો તેમજ દરેક દાતાશ્રી બહેનોની અનુમોદના કરતા ફરી ફરી આનંદ સહ આભાર માને છે. બાકી રહેલ દાતા બહેનોનું શુભનામ આવતા અંકમાં આવશે.

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઇ

સંચાલિત : **શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ** (યાત્રિક ભવન) પાલીતાણા

શાશ્વતા તીર્થાધિરાજ સિધ્ધગીરીરાજ તીર્થ ભુમી ઉપર ચૈત્ર માસની શાશ્વતી નવપદજી આયંબિલની ઓળી

:: લાભાર્થી ::

## શ્રીમતી શ્રીલેખાબેન અનંતરાય શાંતીલાલ શાહ પરિવાર
## મૂળી નિવાસી - હાલ માટુંગા

**આરાધક અરજી પત્રક (નિયમો વાંચીને પછી ફોર્મ ભરવું).**

| | | |
|---|---|---|
| નામ : | ઉમર વર્ષ : | વજન : |
| પતિ / પિતાનું નામ : | મુળ વતન : | |
| વોટસ્અપ મોબાઇલ નં : ૧). | ૨) | |
| સરનામું : | | |
| | | |
| | પિન કોડ : | |

અગાઉ પુરી કરેલ આયંબિલની કુલ ઓળીની સંખ્યા...... ઝાલાવાડમાં કરેલ ઓળીની સંખ્યા......

સંપર્ક હેતુ પરિવારના સભ્ય ની વિગત (મુંબઇમાં રહેતા)

નામ.......................................................................... મો.નં :......................

બીમારી હોય તો તેની વિગત: બી.પી. હા/ના ☐ ડાયબીટીસ હા/ના ☐

અન્ય બીમારીની વિગત :................................................. ..................

રોજ દવા લેવાતી હોય તેની વિગત:........................................................

તા............... નામ: ............................. ફોર્મ ભરનારની સહીં.................

| ચૈત્ર માસની આયંબિલ ઓળી ના ર્કાયક્રમની રૂપરેખા | |
|---|---|
| તા. ૨૩-૦૩-૨૬ સોમવાર | બાદ્રા-ભાવનગર (ટ્રેઇન નં: ૧૨૯૭૧ માં અથવા ૨૨૯૬૩) ટીકીટ પોતે કઢાવવાની રહેશે |
| તા. ૨૪-૦૩-૨૬ મંગળવાર | સિધ્ધાચલ ગીરીરાજની યાત્રા (સ્વેચ્છાએ), અતરવાયણા |
| તા. ૨૫-૦૩-૨૬ થી ૦૨-૦૪-૨૬ | આયંબિલની ઓળી |
| તા. ૦૩-૪-૨૦૨૬ શુક્રવાર | પારણા |
| તા. ૦૩-૪-૨૦૨૬ શુક્રવાર | પાલીતાણા થી મુંબઇ પ્રયાણ (ટ્રેઇન નં: ૧૨૯૭૨ અથવા ટ્રેઈન નં.: ૨૨૯૬૪) ટીકીટ આરાધકે પોતે કઢાવવાની રહેશે |

# મુળી નિવાસી શ્રી દલાશા કુટુંબ પરિવારની ૬૧મી ઉજવણીનો ઉમંગઅને ઉલ્લાસભર્યો, સ્નેહમિલન સમારંભ યોજાયો

મુળી નિવાસી શ્રી દલાશા કુટુંબ પરિવારની ૬૧મા વર્ષની ઉજવણીનો સ્નેહ મિલન સમારંભ તારીખ ૦૪-૦૧-૨૦૨૬ રવિવારની સવારે ખૂબ જ ઉમંગ-ઉત્સાહ ભર્યો શ્રી રામજી અંદરજીવાડી, ચંદાવરકરરોડ, માટુંગા ખાતે શ્રીમતી ઇલાબેન જયેન્દ્રભાઈ હરિલાલ શાહના સૌજન્યથી યોજવામાં આવેલ હતો. કુટુંબ-પરિવારમાં સમાજ માટે સંપ-સહકાર અને સદ્‌ભાવનાને સાકાર કરતી ઉમદા ભાવનની પ્રતિતીના દર્શન આ કાર્યક્રમ માં થયા હતા. આ દર્શન જયોતની પ્રજવલિતતા એટલે આવનાર સમયમાં જ્યારે કુટુંબો નાના થતા જશે ત્યારે આ પારિવારિક સંગઠનની જ્યોતનો ઉજાસ પ્રકાશ પૂંજ બની જળહળી ઉઠશે કુટુંબો નાના અને ટૂંકા થતા જતા આવા કુટુંબ પરિવારિક સંગઠનો સંબંધોને હૂંફ આપવાનું માધ્યમ બની રહેશે.

સવારમાં પ્રસન્ન જીતે સૌ પરિવારજનો ટ્રેડિશનલ પહેરવેશ માં પધારી રહ્યા હતા. સવારના ચા નાસ્તાની લહેજત માણવા સાથે એકબીજાને હળતા-મળતા અને વાર્તાલાપ કરતા સૌ કોઈ પરસ્પરના સંબંધોને તાજગી આપતા હતા. કુટુંબના સુરધન બાપજી ની કૃપા પરિવાર ઉપર વરસી રહી છે. તેમના પ્રતિક રૂપે દીવાના દર્શન કરી કાર્યક્રમ માણવાની આતુરતાએ સૌ કોઈ હોલમાં પધારી પોતાના સ્થાને ગોઠવાઈ રહ્યા હતા આ સમારંભના સૌજન્ય દાતાશ્રીઓનો પરિવાર દલશા કુટુંબના પરિવારજનો,વડિલો, યુવા વર્ગ, બહારગામથી પધારેલા દલાશા કુટુંબના પરિવારો તેમજ ખાસ આમંત્રણ આપવામાં આવેલ બેન, દિકરીઓ, જમાઇઓ, આમંત્રિત મહેમાનો આગમન સાથે સૌના આદરભાવથી આવકાર આપી ઉમદા સ્વાગત સત્કાર કરવામાં આવેલ. રમતગમતના કાર્યક્રમની શરૂઆત કરતા ડિમ્પલબેન આજના કાર્યક્રમની રૂપરેખા આપેલ હતી અને તેમને અલગ રંગની પટ્ટીઓ આપી ચાર ગ્રુપ બનાવી

રમત ગમત રમાડવાની શરૂઆત કરેલ દરેક સભ્યોએ ખૂબ જ ઉલ્લાસપૂર્વક રમત ગમતમાં ભાગ લઈ અનેરી મજામાણી હતી અને વિજેતાએ ઇનામો પ્રાપ્ત કર્યા હતા રમતગમતની શરૂઆત કરતાં પહેલાં સૌજન્ય દાતા પરિવારના પૌત્રો ચિ.આદિત્ય તથા ચિ.જીઆને નવકાર મંત્રનું શ્રવણ કરેલ ત્યારબાદ ચિ.આદિત્યે ખુબજ સુંદર ભજનનું ગાન કરેલ. ચિ.જીઆને તેનીઆગવી શૈલીમાં પધારેલ સર્વોનું હાર્દિક સ્વાગત કરેલું હતું.

કુટુંબ પરિવારમાં તાજેતરમાં અવસાન પામેલ એવા ચિ. પ્રદ્યુત રજનીભાઈ શાહ શ્રીમતી સોહીણીબેન ગુણવંતલાલ શાહ, તથા શ્રી પ્રમોદભાઇ અમૃતલાલ શાહ, ચિ. સોનલે જાણકારી આપવા સાથે અને બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી આપી હતી.

જયેન્દ્રભાઈ ના મોટાભાઈ જશવંતભાઈ ની દીકરી, બેન રૂપાબેન હિતેશકુમાર શાહે પ્રથમતો પરિવારના દરેક સ્નેહમિલન સમારંભમાં બેન દીકરીઓને આમંત્રણ આપવામાં આવે છે. તે બદલ જણાવ્યું હતું કે આ વિચારણાઓને કારણે બેન દીકરીઓ પરિવાર સાથે જોડાઈ રહે છે અને આમંત્રણ બદલ આભાર વ્યક્ત કરેલો. જયેન્દ્રભાઈ એટલે કે મારા કાકા છેલ્લા ૪૦ વર્ષથી પણ વધારે સમયથી ઝાલાવાડ સમાજ, દલાશા પરિવાર તેમજ અન્ય ઘણી સંસ્થામાં તેમની સેવાને બિરદાવી તેમને આપેલી તે સેવાના કાર્યો કરે છે તે બદલ શુભેચ્છા આપેલ હતી.

આ પ્રસંગે સમાજ રત્ન શ્રી ચિનુભાઇ હિમ્મતલાલ શાહ પધારેલા હતા. તેઓનું ઉમદા બહુમાન પરિવાર તરફથી કરવામાં આવેલ હતું. જેમના હૃદયમાં દલાશા પરિવાર તરફ સ્નેહભાવ તથા કુટુંબ વાત્સલ્યછે અને કુટુંબના દરેક કાર્યોમાં તેમનું યોગદાન રહેલ છે એવા દલાશા પરિવારના શ્રી જયેન્દ્રભાઇ હરિલાલ શાહ હૃદયનાં ઉદ્‌ગારો સાથે જણાવેલ કે કુટુંબના સભ્યોની આટલી મોટી સંખ્યામાં ઉપસ્થિતિ જોઈને ખૂબ જ આનંદ અનુભવું છું. તેમનું પણ ઉમદા બહુમાન કરવામાં આવેલ.

આજના સ્નેહમિલન સમારંભના સૌજન્યદાતા તરીકે શ્રીમતી ઇલાબેન જયેન્દ્રભાઈ હરિલાલ શાહ પરિવારનું ઉત્કૃષ્ટ બહુમાન કરવામાં આવેલ તથા પરિવારના વડીલ એવા શ્રી પ્રબોધભાઈ હરિલાલ શાહનું ઉમદા બહુમાન કરવામાં આવેલ.

આ પ્રસંગે વિદ્યાર્થી પારિતોષિકના સૌજન્યદાતા શ્રીમતી નલીનીબેન પ્રવીણચંદ્ર ચમનલાલ શાહ તરફ થી દર વર્ષેની જેમ આ વર્ષે પણ પરિવારના તેજસ્વી વિદ્યાર્થીઓને પારીતોષિક આપવામાં આવેલ તથા દલાશા પરિવાર તરફથી મેડલ આપવામાં આવેલ. આ પરિવાર સંજોગો વસાત ઉપસ્થિત રહી શકેલ ન હતો.

રમત ગમત રમાડવા સાથે એક ત્રણ વર્ષનો બાળક જિરાફ બની આવેલ હતો. તેમજ નાની દીકરીએ સુંદર મજાનો ડાન્સ કર્યો હતો બન્નેને પણ ઇનામ આપવામાં આવેલ.

બાપાજી તથા માવડી માં ના સ્થાનકને રીનોવેશન કરવાની જરૂર છે એ માટે સ્વ. વૃજલાલ વડીલાલ શાહ પરિવારના મહેન્દ્રભાઈ વૃજલાલ શાહે જણાવેલ કે તેઓ સર્વખર્ચે રીનોવેશન કરશે તેમ જણાવેલ તેમનું પણ બહુમાન કરવામાં આવેલ.

અંતમાં સૌજન્યદાતા પરિવારના પૌત્ર ચિ.આદીત્યનો જન્મ યોગાનુયોગ તારીખ ૦૫.૦૧. ૨૦૨૬ ના રોજ હોવાથી કેક કટીગ કરીને તેને જન્મદિવસની શુભેચ્છા કુટુંબ પરિવાર તરફથી આપવામાં આવેલ હતી

એ પ્રસંગે કુટુંબના વડીલ શ્રી ગુણવંતભાઈએ શ્રીમતી સોહિણીબેન દ્વારા થયેલ કાર્યોની છણાવટ કરી હતી અને પરિવારને જ્યારે પણ જરૂર હોય ત્યારે તેઓનો તથા તેમના પુત્ર ચિ. પ્રણવ તથા ચિ. રાજીવ નો સંપર્ક કરી શકે છે.

આ સફળ કાર્યક્રમના સમાપનને સૌના આભારવિધિ શ્રી જયેન્દ્રભાઈ શાહ એ કરી સૌને આભાર વ્યક્ત કરેલ સ્વાદીષ્ટ મન ભાવન સ્વરૂચિ ભોજનને લાભ આપી કાર્યક્રમની સુખદ પળોને વગોળતા સૌ છૂટા પડ્યા હતા.

# શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. મંડળ - અંધેરી
## ૪૮ કલ્યાણક ભૂમિ તીર્થ યાત્રા પ્રવાસ - તસ્વીરી ઝલક



આયોધ્યા તીર્થમાં સ્નાત્રપૂજા કરતા મંત્રી શ્રી દર્શનભાઇ,
પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ તથા સાથીઓ.



અયોધ્યા તિર્થમાં શાંતીકળશનો લાભ લેતા મુખ્ય સંઘપતી
શ્રી કૌશલભાઇ પરિખ, મહેન્દ્રભાઇ શાહ-કોમિલાબેન તથા યાત્રાળું બહેનો



યાત્રા પ્રવાસના મુખ્ય સંઘપતી
શ્રી કૌશલભાઇ-પૂજાબેન પરિખ
તથા પરિવાર જનોની સાથે ટ્રસ્ટશ્રી શૈલેષભાઇ શાહ



યાત્રા પ્રવાસના સહસંઘપતિઃ શ્રી મહેન્દ્રભાઇ તથા
કોમીલાબેન શાહનું સન્માન કરતા
ઉપ પ્રમુખ શ્રી અતુલભાઇ તથા અંજનાબેન પરિખ



સહ સંઘપતિ શ્રી નિષીતભાઇ શાહનું
સન્માન કરવા
મંત્રી શ્રી દર્શનભાઇ શાહ.



સહ સંઘપતિ શ્રી મનીષભાઇ તથા હર્ષાબેન શાહનું
સન્માન શ્રી નીખિલભાઇ તથા સિલ્કીબેન સલોત.



સહ સંઘપતિ શ્રી પદમરાજજી તથા હંસાબેન ભંડારીનું
સન્માન કરતા ઉપપ્રમુખ શ્રી કિરણભાઇ તથા જસ્મીનાબેન શાહ



સહ સંઘપતિ શ્રી પૌલોમીબેન જીગરભાઇ શાહ તથા
ડોલરબેન દેસાઇનું સમ્માન કરતા પૂજાબેન પરિખ તથા
અલ્કાબેન ધ્રુવ



યાત્રાપ્રવાસ
દરમ્યાન
દરેક તીર્થમાં થાળ
ધરાવતા કમિટિના
સભ્યો.



યાત્રા પ્રવાસની
સંપૂર્ણ કારોબારી
કમિટિના સભ્યો.

# મુળી નિવાસી દલાશા કુટુંબ પરિવારના સ્નેહમિલન સમારંભની તસવીરી ઝલક



ચિ. આદિત્ય તથા ચિ. જીઆન
નવકારમંત્રનું પઠન કરી રહ્યા છે.




ચિ. આદિત્ય ભજન ગાઇ રહ્યો છે.



